Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
UGC Approved Journal No. 63726
Impact Factor:3.021 website: www.researchguru.net
Volume-11,Issue-3,December-2017

# ભારતીય જનતા પક્ષના ઉદયમાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની ભૂમિકા

# (ગુજરાતનાં સંદર્ભમાં)

**પટેલ પ્રતિકકુમાર ચંદ્રકાંત**
**પીએચ.ડી સ્કૉલર, ડિપાર્ટમેંટ ઓફ પોલિટિકલ સાયન્સ**
**હેમચંદ્રાચાર્ય નોર્થ ગુજરાત યુનિવર્સિટિ, પાટણ.**

**ઐતિહાસિક ભૂમિકા :**

આર એસ એસ કે સંઘ તરીકે વધુ જાણીતા રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ એ ખિલાફત આંદોલન 1917-22 નું પરિણામ છે. ખિલાફત આંદોલને હિંદુ - મુસ્લિમો વચ્ચે કોમી વૈમનસ્યને ઉત્તેજન આપ્યું હતું. જે મુસ્લિમોને તબલીગ અને તંજીમ તરફ અને હિન્દુઓને શુદ્ધિ અને સંગઠન તરફ દોરી ગયું હતું. સંઘની સ્થાપના મલબારમાં હિન્દુઓના ભયંકર હત્યાકાંડ મોપલા તોફાન અને કોહાટમાં હિંદુ વિરોધી તોફાનોના જવાબરૂપે થઈ હતી.[1]

1923 માં વી.ડી. સાવરકરે 'હિંદુ કોણ છે ?' પુસ્તક લખ્યું. જેમાં આજે જે અર્થમાં હિંદુત્વની વિભાવના પ્રચલિત થઈ છે એનાં બી નાખ્યા. વી. ડી. સાવરકરે એમના પુસ્તકમાં હિંદુની વ્યાખ્યા આપી છે કે હિન્દુ તે કે જે સિંધુ નદી થી અરબી સમુદ્ર કે હિન્દ મહાસાગરની ભારતવર્ષની ભૂમિને પોતાની પિતૃભૂમિ માને, એટલું જ નહીં એને પુણ્યભૂમિ માને કે જ્યાં આ (હિન્દુ) ધર્મ વિકસ્યો છે. પિતૃભૂમિ અને પુણ્યભૂમિની વિભાવનામાં તે ભૂમિની વાત છે કે જ્યાં વ્યક્તિ જન્મી હોય એટલુ જ નહી તે ભૂમિ એના ધર્મના ઉદ્દભવ સ્થાન માટે પુણ્યવાન હોય. એટલે આ પ્રકારની દેશભક્તિમાં ભારતીય મુસલમાનો અને ખ્રિસ્તીઓ ઊતરતા દરજ્જામાં આવે અને ઘણી વખત એમની દેશભક્તિ શંકાની દ્રષ્ટિએ જોવામાં આવે કારણકે એમના ધર્મની ઉત્તપતિની ભૂમિ અરેબિયા અને પેલેસ્ટાઇન છે. સંઘની વિચારસરણીનો આ પાયો છે.[2]

કોમવાદી હુલ્લડોની વધતી જતી સંખ્યા અને ભયંકરતના કારણે હિંદુઓનું સંગઠન - સંરક્ષણ સાધવાના હેતુથી 1925 માં ડૉ.કેશવ બળિરામ હેડગેવારે વિજયાદશમીના દિવસે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની સ્થાપના કરી. સંસ્કૃતિ ઉત્થાનના પ્રોજેકટમાં સંઘે શરૂઆતથી જ રામને કેન્દ્ર સ્થાને રાખ્યા હતા. એટલે નાગપુરમાં સંઘની સ્થાપના વિજયાદશમીના દિવસે કરવામાં આવી. અને 1927માં સંઘની નામકરણવિધિ પણ રામનવમીના દિવસે રાખી હતી. રામનો ધ્વજ ભગવો હતો તેવી માન્યતા છે એટલે સંઘે પણ ભગવો ધ્વજ અપનાવ્યો.[3]

સંઘનું કામ ચૂપચાપ રીતે કાર્યકરો તૈયાર કરવા અને વિચારધારાનો ફેલાવો કરવો તે મુખ્ય રહયું છે. એણે જાહેરાતોથી દૂર રહી નાના બાળકો અને કુમારોમાં શાખા દ્વારા હિન્દુ સંસ્કૃતિના વિચારો રેડ્યા છે. આ બધુ કરવામાં સંઘે મુખ્યભાર સંગઠન પર મૂક્યો છે. આ સંગઠન શિસ્તબદ્ધ સ્વયંસેવકોનું છે.[4]

કે. બી. હેડગેવારે પોતાના ઉત્તરાધિકારી તરીકે ગુરુજી ઉપનામથી વધુ જાણીતા માધવ સદાશિવરાવ ગોલવલકરની દ્વિતીય સરસંઘચાલક તરીકે પસંદગી કરી. ગોલવલકરે 33 વર્ષ (1940-1973) સુધી રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘનું નેતૃત્વ કર્યું. સંઘની વિચાર ધારા અનુસાર હિન્દુઓમાં જૈન, બૌદ્ધ અને શીખ સંપ્રદાયો સામેલ છે. પણ બિન-હિન્દુઓ તરીકે મુસ્લિમો અને ખ્રિસ્તીઓને બાકાત રાખવામા આવ્યાં છે. ગોલવલકરની જેમ સંઘપણ માને છે કે બિનહિંદુઓએ હિન્દુ સંસ્કૃતિ અને ભાષાઓ અપનાવવી જોઈએ. તેમજ તેમને યોગ્ય સન્માન આપવું જોઇએ. તેઓ હિન્દુ રાષ્ટ્રમાં ગૌણ નાગરિકો તરીકે રહી શકે છે, તેઓ કોઈપણ અધિકારોનો દાવો કરી ન શકે, કોઈ વિશેષાધિકાર મેળવવાને પાત્ર નથી.[5]

**ભારતીય જનસંઘની સ્થાપના**:

ભારતની સ્વતંત્રતા પછીના એક જ વર્ષના ગાળામાં રાષ્ટ્રપિતા ગાંધીજીના ખૂનના આરોપસર રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ ઉપર પ્રતિબંધ લદાયો. આ સંજોગોમાં સંઘના હજારો સ્વયંસેવકોએ અનુભવ્યું કે પોતે નિર્દોષ હોવા છતાં તેમના માટે સંસદમાં અવાજ ઉઠાવનાર કોઈ જ ન હતું. આ બાબતે સંઘના પદાધિકારીઓ અને સ્વયંસેવકોને વિચારતા કર્યા હતા કે સંઘ હિન્દુ સમાજનું જતનનું ધ્યેય ધરાવતો હોવા છતાં તેના શાંતિપૂર્ણ કાર્યમાં ખોટી રાજકીય દાખલ ન થાય તે માટે સંઘની રાજકીય ક્ષેત્રે પ્રત્યક્ષ સામેલગીરી ટાળીને સંઘના વિચારોની નજદીક હોય તેવો રાજકીય પક્ષ બનવો જોઈએ.[6]

આજ સમયે બીજીબાજુ કેન્દ્રિય પ્રધાન મંડળમાથી પૂર્વ બંગાળના હિન્દુઓની યાતનાઓના પ્રશ્ને રાજીનામું આપનાર ડૉ.શ્યામાપ્રસાદ મુખરજી પણ નવો પક્ષ સ્થાપવાનું વિચારતા હતા. ડૉ.શ્યામાપ્રસાદ પહેલા હિન્દુ મહાસભાના નેતા હતા. તેથી સ્વાભાવિક રીતે તેઓ આર.એસ.એસ. જેવા હિન્દુ સંગઠનની નજીક આવી શકયા. સંઘના સરસંઘચાલક શ્રી મા.સ.ગોલવલકર સાથે ડૉ.શ્યામાપ્રસાદ ની લાંબી મંત્રણાઓ થઈ. જનસંઘને રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની વિચારસરણી સ્વીકાર્ય રહેતા 21મી ઓક્ટોબર1951 ના રોજ દિલ્હી ખાતે ભારતીય

જનસંઘની સ્થાપના થઈ. જનસંઘની સંગઠનની કામગીરીમાં મદદ માટે રાષ્ટ્રીય સ્વયસેવક સંઘે દીનદયાળ ઉપાધ્યાય, નાનાજી દેશમુખ, સુંદરસિંહ ભંડારી અને અટલબિહારી વાજપેયી જેવા પ્રચારકોને મોકલ્યા.[7]

જનસંઘની સ્થાપનાના સમયથી પ્રત્યેક ચૂંટણી ઢંઢેરામાં પક્ષે રાષ્ટ્રીય એકતા અને અખંડિતતા માટે એક રાષ્ટ્ર, એક સંસ્કૃતિ અને એક કોમના ખ્યાલ ઉપર ભાર મૂક્યો હતો. પક્ષની દષ્ટિ પ્રમાણે ભારત હિન્દુ રાષ્ટ્ર છે જે એક પણ અખંડ છે, એક જ સંસ્કૃતિ એ હિન્દુ સંસ્કૃતિ છે અને એક જ કોમ ભારતની પ્રજા હિન્દુ કોમ છે. ભલે તે પુજા અર્ચના માટે ઈસ્લામ કે ખ્રિસ્તી ધર્મનું અનુસરણ કરતી હોય.

ભારતીય જનસંઘ આર.એસ.એસ. ની રાજકીય પાંખરૂપે જન્મેલું સંગઠન હતું. ડૉ. શ્યામપ્રસાદ મુખરજીના જનસંઘે ભારતીયતાના ખ્યાલને પોતાની રાજકીય વિચારધારા માની હતી. ભારતીય સરહદો અને રાષ્ટ્રીય એકતાનું રક્ષણ, સમવાય તંત્રને બદલે એકતંત્રી રાજ્યવ્યવસ્થા, પાયાના ઉદ્યોગોનું રાષ્ટ્રીયકરણ કરીને આર્થિક સમાનતા આણવી, માતૃભાષામાં શિક્ષણ, ગ્રામઉદ્યોગોને પ્રોત્સાહન અને અણુંબોંબનું સર્જન જેવી બાબતો આ પક્ષના મુખ્ય ઉદ્દેશો હતા. સામ્યવાદ અને લઘુમતીના અધિકારોનો વિરોધ તથા ગૌહત્યા જેવા મુદ્દાઓ આ પક્ષના અગ્રતાક્રમે હોવાથી તેની કટ્ટર હિંદુવાદી પક્ષ ની છાપ હતી. ચૂંટણીઓમા આરંભે તેનો દેખાવ નબળો હતો. આમ છતાં પક્ષે ધારાસભાઓ અને સંસદની ચૂંટણીઓમાં 1952 થી 1967 સુધી સતત વિકાસ સાધ્યો હતો. પક્ષે તેના મહામંત્રી શ્રી દીનદયાળ ઉપાધ્યાયના એકાત્મ માનવવાદના ચિંતનને 1966 માં પક્ષના પાયાના ચિંતન તરીકે સ્થાન આપ્યું. 1967માં 'ભવ્ય જોડાણ' નો ભાગ બન્યા પછી તેનો પ્રભાવ વધ્યો અને તે સાથે દેશમાં જમણેરી બળનો ઉભાર થયો. [8]

ઇન્દિરા ગાંધીએ લાદેલી કટોકટીના વિરોધમાં જનસંઘ વિપક્ષોની સાથે હતો. 1975ના માર્ચમાં દિલ્હીમાં જનસંઘના રાષ્ટ્રીય અધિવેશનને જયપ્રકાશ નારાયણે સંભોધ્યું હતું. જનસંઘના અધિવેશનમાં જે.પી. ની ઉપસ્થિતિ અને સંબોધન તેના માટે મહત્વનો વળાંક હતું. કટોકટી પછીની લોકસભા ચૂંટણી, નવા રચાયેલા જનતા પક્ષના નામે લડાઈ - જીતાઈ. જનસંઘનું પણ તેમાં વિઘટન થયું હોવાથી તે મોરારજી સરકારનો ભાગ બન્યા. પરંતુ બેવડા સભ્યપદના  મુદ્દે 1979માં જનતાપક્ષ તૂટ્યો. તેથી ભારતીય જનસંઘનો ભારતીય જનતાપક્ષના નવા નામે ભારતની રાજકીય ક્ષિતિજ પર જન્મ થયો. [9]

**જનસંઘનો પુન: જન્મ ભારતીય જનતા પાર્ટી ની સ્થાપના:**

કટોકટી પછી જનતાપક્ષ જોડાયેલા પક્ષોનું વિલીનીકરણ દિલથી નહીં પરંતુ શ્રી જયપ્રકાશ નારાયણના આગ્રહ અને દેશની 'આંતરિક કટોકટી' ની પરિસ્થિતિના દબાણને લીધે થયું હતું. જેના લીધે કેન્દ્રમાં સૌપ્રથમવાર રચાયેલી બિંનકોંગી સરકાર થોડાક જ સમયમાં પરસ્પર વૈમનસ્ય અને આક્ષેપબાજીથી અસ્થિર બનવા માંડી 1977 ની લોકસભાની ચૂંટણીઓમા રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘે સૌપ્રથવાર રાજકીય નિર્ણય લઈને

જનતા પક્ષ માટે પ્રચાર કરેલો. પરંતુ જનતાપક્ષ કેટલાક ઘટકજૂથ ના નેતાઓએ આર.એસ.એસ. ના વધતાજતાં પ્રભાવથી અને જનસંઘ જૂથની આર. એસ. એસ. ની પ્રવૃતિઓમાંની સામેલગીરીથી અકળાઈને આર. એસ. એસ. જનતાપક્ષના ભાગરૂપ સંસ્થા તરીકે કામ કરે તેવી માંગણી કરી. પરંતુ જ્યારે એ સ્પષ્ટ જણાયું કે આર. એસ. એસ. વિલીનીકરણ નો પ્રસ્તાવ સ્વીકારે તેમ નથી ત્યારે તેના ટીકાકારોએ નવી પ્રયુક્તિ અપનાવી. તેમણે એવી માંગણી શરૂ કરી કે જનતાપક્ષના બધા જ સભ્યો આર.એસ. એસ. સાથેના સંબંધ જનતાપક્ષના સભ્ય તરીકે તોડે. બેવડા સભ્યપદના આ પ્રશ્ન ઉપરાંત ઘણી આંતરરિક ખેંચતાણ અને વ્યક્તિગત મહત્વકાંક્ષાઓને લીધે 15 જુલાઇ 1979 માં જનતા પક્ષની સરકાર તૂટી પડી. [10]

6 એપ્રિલ 1980 ના રોજ મહાનગર મુંબઈમાં ભારતીય જનતા પક્ષનું સ્થાપના અધિવેશન યોજાયું હતું. ભાજપે જનસંઘ કરતાં પોતાનો એજન્ડા થોડો બદલ્યો હતો. 'ગાંધીવાદી સમાજવાદ' ને પક્ષે પોતાનો રાજકીય આર્થિક એજન્ડા બનાવ્યો હતો. મુંબઈ અધિવેશનમાં પક્ષે રાષ્ટ્રવાદ, રાષ્ટ્રીય ઐકય, લોકશાહી, વિધેયાત્મક બિનસાંપ્રદાયિકતા અને મૂલ્ય આધારિત રાજનીતિ જેવી બાબતો પર પોતાની પ્રતિબદ્ધતા વ્યકત કરી હતી. જોકે ભાજપને ગાંધીવાદી સમાજવાદ બહુમાફક ન આવ્યો. 1985ના ગાંધીનગર અધિવેશનમાં તેણે ગાંધીવાદી સમાજવાદ ને ફગાવી દીનદયાલ ઉપાધ્યાયના 'એકાત્મ માનવવાદ' ને અપનાવી લીધો[11]

**ગુજરાતમાં ભારતીય જનતાપક્ષનો ઉદય** :

ગુજરાતમાં રાષ્ટ્રીય સ્વયંસેવકસંઘનો પ્રારંભ 1938 માં નાનકડી શાખાથી વડોદરામાં થયો. તેને આજે ગુજરાતમાં પોતાના મૂળિયાં ઊંડા કરી દીધા છે. 1938 થી પ્રારંભ થયેલી રાષ્ટ્રીય સ્વયંસેવકસંઘ ની ગુજરાત યાત્રામાં અનેક ઉતાર ચઢાવ આવવા છતાય તેનું કાર્ય સતત ને સતત વધતું રહ્યું છે.

જૂન 1968માં અમદાવાદમાં જમૈત-ઉલ-ઉલેમાએ મુસ્લિમોની સભા ભરી તેમાં ઘણા મુસ્લિમોએ ભાગ લીધો. તેમણે તેમાં 16 ઠરાવો કર્યા. જેમાંનો એક ઠરાવ સરકારી મુસ્લિમ અધિકારીઓને શુક્રવારે નમાજ માટે વિશિષ્ટ વ્યવસ્થા અંગેનો હતો. સામે પક્ષે ડિસેમ્બર 1968 માં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ ની વિશાળ રેલી અમદાવાદમાં યોજાઈ. રેલીને સંબોધતા ગુરુ ગોલવલકરે જણાવ્યું કે દેશમાં માત્ર હિન્દુઓજ બિનસાંપ્રદાયિક છે અને તેમણે ઘણું સહન કર્યું છે. છતાં તેમની ઉપેક્ષા જણાય છે. તેમણે હિન્દુઓના લાભાર્થે 'હિંદુરાષ્ટ્ર' ની હિમાયત કરી. [12]

1969માં અમદાવાદમાં જગન્નાથ મંદિરમાં ધાર્મિક તોડફોડને પગલે થયેલા કોમી તોફાનો પછી મુસ્લિમ વિરોધી ઉન્માદ જોવા મળ્યો હતો. કોમી રમખાણોને રાષ્ટ્રીય સ્વંયંસેવક સંઘ અને તેની રાજકીય પાંખ જનસંઘે ભડકવ્યા હોવાનું માનવામાં આવે છે. આ તોફાનો શરૂ થયાના થોડા મહિના અગાઉંજ સંઘે વિશાળ રેલી યોજી હતી.

ગુજરાતમાં જનસંઘ નો ઇતિહાસ ચૂંટણીઓમા શરમજનક પરાજયોની ગાથા છે અને તેના મોટાભાગના ઉમેદવારોએ ડિપોજીટ ગુમાવવી પડી હતી. 1962, 1967 અને 1971 ની લોકસભાની ચૂંટણીઓમા ગુજરાતમાં જનસંઘ એકપણ બેઠક પર વિજય મેળવી શક્યો નહોતો. 1962માં ગુજરાતની વિધાનસભાની ચૂંટણીમાં જનસંઘે 26 બેઠક પર તેના ઉમેદવારો ઊભા રાખ્યા હતા અને બધાનો પરાજય થયો હતો. જેમાં 23 ઉમેદવારોએ ડિપોજીટ સુદ્ધાં ગુમાવી હતી.

1967માં જનસંઘે દેશના કેટલાંક રાજયોની ચૂંટણીઓમા સારો દેખાવ કર્યો હતો. પરંતુ ગુજરાતની વિધાનસભામાં ફક્ત એક બેઠક પર જ વિજય મેળવી શકયો હતો. સ્વતંત્ર પક્ષના પ્રભાવમાં જનસંઘ હાંસિયામાં ધકેલાઇ ગયો હતો. 1972માં જનસંઘે 100 બેઠક પર ચૂંટણી લડીને સારો દેખાવ કર્યો હતો. જેમાં 3 બેઠક પર તેના ઉમેદવારોનો વિજય થયો હતો. પણ 69 ઉમેદવારોને ડિપોજીટ ગુમાવવી પડી હતી. અહીં નોધવું જોઈએ કે જનસંઘે ગુજરાતમાં 1969માં થયેલા કોમી રમખાણોમાં હિન્દુઓ માટે જે સહાનુભૂતિપૂર્ણ ભૂમિકા ભજવી તેને કારણે તેનો પ્રભાવ વધ્યો.

જનસંઘે નવનિર્માણ આંદોલન વખતે પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે ભાગ ભજવી લોકોની મુશ્કેલીઓને વાચા આપવાનો પ્રયત્ન કર્યો. ગુજરાતમાં 1974-75 ના નવનિર્માણ આંદોલન દરમિયાન તેને ભજવેલ નોધપાત્ર ભૂમિકાને લઈ વિરોધ પક્ષોમાં તેની ગણના થવા લાગી. 1975ની ધારાસભાની ચૂંટણી સમયે જનતા મોરચામાં તેને સામેલ કરવામાં આવ્યો. જનતા મોરચાએ કોંગ્રેસને સીધી લડતમાં હાર આપી સત્તા પ્રાપ્ત કરી. આ ચૂંટણીમાં સૌથી વધુ લાભ જનસંઘને થયો. તેણે 18 બેઠકો પર સફળતા મેળવી તેના બીજા ઘટક પક્ષો સંસ્થા કોંગ્રેસને 56, સમાજવાદી પક્ષને 2 અને ભારતીય લોકદળને 2 બેઠકો મળી. આમ પ્રથમ વખત ગુજરાતમાં બિનકોંગ્રેસી સરકારમાં\ જનસંઘને સ્થાન મેળવવામાં સફળતા મળી.

1977ની લોકસભાની ચૂંટણી સમયે જનતાપક્ષની રચના થતાં જનસંઘ તેમાં વિલીન થઈ ગયો. પરંતુ 1979માં જનતાપક્ષમાં ભંગાણ પડતાં તેણે ભારતીય જનતાપક્ષના નમાધિકરણથી નવોપક્ષ રચ્યો તેણે 1980 ની લોકસભાની અને વિધાનસભાની ચૂંટણીમાં પક્ષને ગુજરાતમાં 14.24% મત મળ્યા. પરંતુ એકપણ બેઠક પ્રાપ્ત ન થઈ. ધારાસભાની ચૂંટણીમાં 126 બેઠકો ઉપર ઉમેદવારો ઉભા રાખ્યા, તેમાથી 10 બેઠકો ઉપર સફળતા મળી અને તેના 65 ઉમેદવારોએ ડિપોજીટ ગુમાવી. [13]

1980 ના દાયકામાં (1981 અને 1985) ગુજરાતમાં અનામત વિરોધી આંદોલનો થયાં. મેડિકલ કોલેજોનાં અનુસ્નાતક વિદ્યાર્થીઓએ અનુ.જાતિ અને જનજાતિઓ માટે જે અનામત બેઠકો રાખવામા આવે છે, તેની સામે કેટલીક માંગણીઓ રજૂ કરી, જેમ કે 'કેરીફોરવર્ડ' પ્રથા નાબૂદ કરવી, અનામત બેઠકોમાં ઘટાડો કરવો, અનુસ્નાતક કક્ષાએ બિન અનામત બેઠકોમાં વધારો કરવો, આ આંદોલનમાં મુખ્યત્વે કરીને

અનુ.જાતિઓના સભ્યોને મુખ્ય લક્ષ્ય બનાવવામાં આવ્યાં. નાની ક્ષુલ્લક અને ઉપજાવી કાઢેલી ઘટનાઓને મોટું સ્વરૂપ આપીને ઉચ્ચ સવર્ણ જ્ઞાતિઓને ઉશ્કેરવાનો પણ પ્રયાસ થયો. આ આંદોલને ગુજરાતમાં સામાજિક સ્તરે જ્ઞાતિદ્વેષ અને વિખવાદનું એક વરવું વાતાવરણ ઊભું કર્યું. આ આંદોલનને હવા આપવામાં કોંગ્રેસની આંતરિક જૂથબંધીએ પણ મહત્વનો ભાગ ભજવ્યો. [14]

પહેલા અનામત વિરોધી આંદોલનના પડઘા શમ્યા ન હતા, ત્યાં 1985માં બીજું અનામત વિરોધી આંદોલન થયું. આ અનામત વિરોધી આંદોલનનું નિમિત બન્યો સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગો માટેની અનામત બેઠકોમાં કરવામાં આવેલો વધારો બક્ષી પંચની જ્ઞાતિઓના સભ્યોને જે 10 ટકા અનામત બેઠકોનો લાભ મળતો હતો તેમાં 18 ટકાનો ઉમેરો કરવામાં આવ્યો. જાન્યુઆરી 1985માં એની જાહેરાત કરવામાં આવી. 1975 થી 1986 સુધી ક્ષત્રિય, હરિજન, આદિવાસી, અને મુસ્લિમો **(KHAM)** એમ ચાર પછાત વર્ગો અને લઘુમતીના આધારબળોના રાજકીય જોડાણને આધારે કોંગ્રેસ પ્રભાવશીલ બન્યો. 1980 થી 1985 ના વર્ષોમાં અનામત વિરોધી આંદોલને ગુજરાતને હચમચાવી નાખેલું. સવર્ણો વિરુદ્ધ પછાત એવું સામાજિક સમીકરણ રચાઇ ચૂક્યું હતું. ખામ થીયરીએ માધવસિંહને 1985માં વિધાનસભામાં 55.55 ટકા મત સાથે 182માથી રેકોર્ડબ્રેક 149 બેઠક જીતવામાં મદદ કરી. [15]

અલબત્ત આજ અનામત આંદોલને માધવસિંહનો રાજકીય ભોગ લીધો. પટેલો લગભગ સ્પષ્ટ રીતે કોંગ્રેસની વિમુખ થયા. એનો પહેલા ફટકો વાગ્યો. 1990 ની ચૂંટણીમાં કેન્દ્રમાં વી.પી. સિંહ ના ઉદય પછી ગુજરાતમાં ચીમનભાઈ પટેલે જનતાદળને આકાર આપ્યો. કોંગ્રેસને ઈતિહાસમાં સૌથી ઓછા મત 30.90 ટકા મળ્યા અને ફક્ત 33 બેઠક મળી. 33.86 ટકા મત અને 67 બેઠક સાથે ભાજપનો ગુજરાતમાં રાજકીય ઉદય થયો. ચીમનભાઈ અને કેશુભાઈની એટલેકે જનતાદળ અને ભાજપની સંયુક્ત સરકાર રચાઇ, પાછળથી જનતાદળનું કોંગ્રેસમાં વિલીનિકરણ થયું. પણ એનાથી કોંગ્રેસ ધોવાણ ન અટક્યું.

**જમણેરી - હિંદુત્વવાદી પરિબળોની લેબોરેટરી:**

અનામત વિરોધી આંદોલનોને વકરાવવામાં પોલીસના અત્યાચારો અને અતિરેકોનો મોટો ફાળો રહ્યો. આ બને આંદોલનોમાં મોટા પ્રમાણમા લોહી રેડાયું. અસામાજિક તત્વોએ તેનો મોટા પ્રમાણમા ગેરલાભ લીધો. આ બને આંદોલનો થકી ગુજરાતમાં કેન્દ્રથી ડાબેરી અને પ્રગતિશીલ કહી શકાય એવા પરિબળોની ઠીક ઠીક પીછેહઠ થઈ. એક પ્રકારનો વૈચારિક શૂન્યવકાશ સર્જાયો. જે પૂરવાનું કામ આગળ જતાં હિંદુત્વવાદી - જમણેરી પરિબળોએ (આર. એસ. એસ., વિશ્વ હિન્દુ પરિષદ, બજરંગદળ અને તેની રાજકીય અભિવ્યક્તિ સમાં ભારતીય જનતાપક્ષે) કર્યું. ગુજરાત જમણેરી - હિંદુત્વ વાદી પરિબળોનું 'લેબોરેટરી' બન્યું.

અયોધ્યામાં બાબરી મસ્જિદના સ્થાને રામ જન્મમંદિર બાંધવાના મુદ્દે જે 'રથયાત્રાઓ' શરૂ થઈ તેનો આરંભ ગુજરાતમાંથી થયો. આગળજતા 6 ડિસ્મ્બર, 1992 ના રોજ બાબરી મસ્જિદનો ધ્વંશ કરવામાં આવ્યો. જેના પ્રત્યાઘાત રૂપે દેશભરમાં મોટા પ્રમાણમા કોમી હિંસા થઈ. ગુજરાત પણ તેમાથી બાકાત ન રહ્યું.[16]

1995ના વર્ષની 20 અને 25 ફેબ્રુઆરીના રોજ ગુજરાતનાં મતદારોએ મતપેટીમાં જે મત નાખ્યા એ ગુજરાતનાં રાજકીય ઇતિહાસનો મહત્વનો વળાંક હતો. સોમનાથજી અયોધ્યા માટેની રથયાત્રા અને બાબરીધ્વંસ પછી ભાજપ હવે સંપૂર્ણ રીતે હિન્દુ રાષ્ટવાદની થીયરી અપનાવી ચૂક્યો હતો. પ્રજાને એમાં કોંગ્રેસના મુસ્લિમ તૃષ્ટિકરણનો જવાબ દેખાયો. સાધ્વી ઋતંભરા, આચાર્ય ધર્મેન્દ્ર પ્રસાદ, ડૉ.પ્રવીણ તોગડિયા અને સાધુસંતો ગુજરાતની શેરીઓ સિંહની માફક ગજાવી રહ્યા હતા. ચૂંટણીના માહોલમાં બસ હવે તો ભાજપ જ અને 'જો હિન્દુ હિત કે બાત કરેગા વો હી દેશ પે રાજ કરેગા' જેવા સૂત્ર સિવાય કઈ સભળાતું નહોતું. પહેલી વાર ભાજપને 42.51 ટકા મત અને 121 બેઠક સાથે સ્પષ્ટ બહુમત મળ્યો. ગુજરાતનું રાજકારણ કેસરિયા રંગે રંગાઈ ચૂક્યું.

2002માં ગોધરામાં જે ઘટના બની અને ત્યારપછી સમગ્ર ગુજરાતમાં તેના હિંસક પ્રત્યાઘાત પડ્યા ગોધરા અને અનુગોધરા ઘટનાના ઉગ્ર પ્રત્યાઘાત સમગ્ર દેશમાં પડ્યા. 27 ફેબ્રુઆરીના રોજ ગોધરા સ્ટેશને અયોધ્યાથી પરત આવી રહેલા 'કારસેવકો' ના ડબામાં આગ લગાડવામાં આવી. તેમાં 59 માણસોના મરણ થયા બીજા જ દિવસથી સમગ્ર ગુજરાતમાં મોટા પાયા પર હિંસા ફાટી નીકળી જેમાં ઓછામાં ઓછા એક હજાર જેટલા નિર્દોષ માણસોના જીવ ગયા, કરોડો રૂપિયાનું નુકશાન થયું, મુસ્લિમ વિસ્તારો અને સોસાયટીઓ પર વ્યવસ્થિત હુમલા કરવામાં આવ્યા. મકાનો - દુકાનોને આગ લગાડવામાં આવી. રાજ્ય સરકારના મોવડીએ તેને એક્શન રિએક્શન ગણાવી કઇંક અંશે વાજબી ઠેરવવાનો પ્રયાસ પણ કર્યો.[17]

ગોધરાકાંડ પછી આર. એસ. એસ. ના પ્રચારક રહી ચૂકેલા મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી ભાજપનો હિંદુત્વ ચહેરો બની ચૂક્યા હતા. ચૂંટણી પહેલાંજ ગૌરવયાત્રા દ્વારા આખા ગુજરાતમાં ફરીને એ ભાજપની જીત પાકકી કરી ચૂક્યા હતા. ભાજપને અત્યાર સુધીમાં સૌથી વધુ 49.85 ટકા મત અને 127 બેઠક મળી. ગુજરાતનાં રાજકીય આકાશમાં નરેન્દ્રમોદી નામના નવા સિતારાનો ઉદય થયો. 2007 ની ચૂંટણી વિકાસ પુરુષ વિરુદ્ધ મૌતકા સૌદાગર અને 2012 ની ચૂંટણી ગુજરાતનાં વિકાસ અને ગુજરાતની અસ્મિતાના નામે લડાઈ અને જીતાઈ.

આમ, 1998માં ભાજપને 121 બેઠકો, 2002 માં ભાજપને 127 બેઠકો, 2007માં ભાજપને 117 બેઠકો અને 2012માં ભાજપને 115 બેઠકો વિધાનસભા ચૂંટણીમાં પ્રાપ્ત થઈ, 2014 ની લોકસભા ચૂંટણીમાં ભારતીય જનતા

પક્ષનો તમામ 26 બેઠકો પર વિજય થયો અને નરેન્દ્રમોદી ભારતના વડાપ્રધાન બન્યા. ત્યારબાદ ગુજરાતનાં જ અમિત શાહ રાષ્ટ્રીય કક્ષાએ ભાજપના પ્રમુખ બન્યા.

2017 ની ગુજરાત વિધાનસભા ચૂંટણીમાં ભાજપે હું વિકાસ છું, હું ગુજરાત છું સૂત્ર વહેતું મૂક્યું પણ ભાજપને સત્તા વિરોધી માહોલ અને જાતિવાદના ચક્રવાતમાં ફસાતા હોય તેવું લાગતાં રણનીતિમાં બદલાવ કર્યો. રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના ચુસ્ત સ્વયંસેવક એવા ગુજરાતનાં મુખ્યમંત્રી વિજય રૂપાણીને ગુજરાતમાં ભાજપને સવા બે દાયકા જૂની સત્તા ટકાવવી આ વખતે થોડી કઠિન લાગી રહી છે. એટલે વિકાસના નારા ને બદલે તે હવે 'ન જાતિવાદ, ન ધર્મવાદ, હવે ફક્ત રાષ્ટ્રવાદ' નો રાગ આલાપી રહ્યા છે. મુખ્યમંત્રી વિજયરૂપાણી એ ગુજરાતનાં ચૂંટણીના મુદ્દા તરીકે યુવાનોને કામ સાથે અયોધ્યામાં રામ અને કલમ 370 ની વાતો કરે છે. [18]

આમ, ભારતીય જનતા પક્ષની વિચારસરણી ઉપર રાષ્ટ્રીય સ્વયસેવક સંઘનો સીધો પ્રભાવ છે. સંઘ પરિવાર ની વિવિધ સંસ્થાઓ ચૂંટણી સમયે ભાજપને જીતાડવા માટે તમામ રીતે મદદ કરે છે. ભારતીય જનતા પક્ષના ટોચના હોદ્દા પર બિરાજમાન મોટા ભાગના નેતાઓની પૃષ્ઠભૂમિ સંઘપરિવારની છે.

**પાદટીપ** :

1. સંઘવી, નગીનદાસ, નરેન્દ્રમોદી - એક રાજકીય સફર, વંડરલેન્ડ પબ્લિકેશન, રાજકોટ, 2015, પૃ-2**0.**
2. શાહ, ઘનશ્યામ, હિંદુત્વની વિચારધારા અને સંગઠન, અર્થાત, એપ્રિલ - જૂન 1993, પૃ - 59.
3. એજન, પૃ. - 60.
4. એજન, પૃ. - 60
5. સંઘવી, નગીનદાસ, પૂર્વોક્ત - પૃ. - 22
6. શુકલ, ગજેન્દ્ર, ભારતીય જનતા પાર્ટી - એક રાજકીય વિશ્લેષણ, અતુલ પ્રકાશન, અમદાવાદ, 2000- પૃ. 16.
7. એજન, પૃ. - 16
8. મહેરિયા, ચંદુ, જમણેરી પ્રભાવ : અડધી સદીના વળાંકે, દિવ્યભાસ્કર, 16 નવેમ્બર, 2017, પૃ. - 8.
9. એજન, પૃ. - 8
10. શુકલ, ગજેન્દ્ર, પૂર્વોક્ત  પૃ. - 25
11. મહેરિયા, ચંદુ, પૂર્વોક્ત, પૃ. 8
12. બક્ષી, મનહર, ગુજરાતનું રાજકારણ, યુનિવર્સિટિ ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ, 1986, પૃ. 143
13. એજન, પૃ. - 184

14. શુકલ, દિનેશ, ગુજરાત અર્ધશતાબ્દી અને, ગુર્જર પ્રકાશન, અમદાવાદ, 2009, પૃ. - 97.

15. એજન, પૃ. - 98

16. એજન, પૃ. - 99

17. એજન, પૃ. - 99

19. મહેરિયા, ચંદુ, પૂર્વોક્ત, પૃ. - 8